# પ્રેમલ સરળ સાધુતાની મૂર્તિ બ્રહ્મર્ષિ પૂજ્ય પૂનમદાદા !



**કહે** છે કે કવિ, લેખક અને વાર્તાકારોની તેઓનાં પાત્રોનાં જીવન વિશેની કલ્પનાશક્તિ અદ્‌ભુત હોય છે ! પરંતુ, ભગવાનના પ્રગટ સ્વરૂપની કલ્પનાતીત સંકલ્પશક્તિની તુલનાએ સાહિત્યકારો અને કલા-સર્જકોની કલ્પનાશક્તિ વામણી લાગે.

ભગવાનના પ્રગટ સ્વરૂપ યુગવિભૂતિ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આવી અલૌકિક સંકલ્પશક્તિ સર્જન એટલે સાહેબજીના અનુપમ અષ્ટ સ્વરૂપોમાંના એક પૂનમદાદા ! સાહેબદાદા સાથે જીવની પ્રીતિ અને યોગીબાપાની સંકલ્પશક્તિના બળે પૂનમદાદા સાંગોપાંગ બ્રહ્મર્ષિનું જીવન જીવ્યા. બ્રહ્મને જાણી, બ્રહ્મનો સંપૂર્ણ સ્વીકાર કરી, સૌમાં સદાય સર્વત્ર બ્રહ્મનાં દર્શન કરે તે બ્રહ્મર્ષિ !

જીવનની ઘટમાળમાં શ્રીહરિની ઈચ્છાનુસાર ગૃહસ્થાશ્રમમાં પદાર્પણ કર્યા પછી પણ, પૂનમદાદાના આત્માએ આ સંસારમાં તેઓ પ્રભુસ્વરૂપના દાસરૂપે, પ્રભુને રાજી કરવા, પ્રભુના જ કાર્યના વાહકરૂપે અવતર્યા છે તે પ્રતીતિને પિછાણી. અને એ દિવ્ય પળના પહેલા જ ધબકારે યોગીજી મહારાજની અનુવૃત્તિ ઝીલી સાહેબદાદાના દિવ્ય કાર્યમાં પોતાનાં દેહ, મન, બુદ્ધિ, ભાવ અને સંસારને રસરૂપ કરી દીધાં !

પરમ પૂજ્ય બ્રહ્મસ્વરૂપ પપ્પાજીની અધ્યાત્મ નિશ્રામાં દિવ્ય મમતાના સિંધુ સમાન પરમ પૂજ્ય બાના પ્રેમમાં દેહના સંબંધોને પૂનમદાદાએ પોતાની અધ્યાત્મસાધનાની તીવ્રતાને મંદ પાડે તેટલી મહત્તા ન આપી. આનો અર્થ એ નથી કે, પૂનમદાદાએ દેહના સંબંધીઓના અનાદર કર્યા. એક સાચો બ્રહ્મર્ષિ અલ્પાતિઅલ્પ જીવમાં પણ બ્રહ્મની લીલાનાં દર્શન કરે છે ; તો, દેહનાં સંબંધી સૌ મનુષ્ય તો પ્રભુના જ સંકલ્પે અને ઈચ્છાથી દેહના સંબંધ પામે તેમ માની, પૂનમદાદાએ ન કેવળ એ સંબંધોને દિવ્ય બનાવ્યા, પરંતુ પોતાના સંબંધે પ્રભુસંબંધ આપી કલ્યાણના માર્ગે મુમુક્ષુ બનાવ્યા ! આજે તેઓના બંને પુત્રોએ સાહેબદાદાની દિવ્ય નિશ્રામાં અનુપમ મિશનના આદર્શ સાધુરત્નો નરેન્દ્રદાસજી અને મૂકેશદાસજી રૂપે સૌ સંતો-સદ્‌ગુરુઓનો અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો છે. પૂજ્ય ચંપાબા શ્રી ગુણાતીત જ્યોતમાં સાધુતાના માર્ગે સેવાપ્રવૃત્ત છે.

આમ, પૂનમદાદાએ આપણા દિવ્ય ઋષિઓની સંકલ્પનાને સાકાર કરી પોતાના ગૃહસ્થાશ્રમને ન કેવળ ધન્ય બનાવ્યો ; પરંતુ, તેને દિવ્ય પણ બનાવ્યો !

પૂનમદાદાએ પોતાની પ્રભુસ્વરૂપ સાહેબદાદા પ્રત્યેની અપ્રતિમ પ્રીતિના અંગમાં ઊંડી અધ્યાત્મિક સમજણનું પણ મેળવણ મેળવ્યું ; જેના ફળસ્વરૂપે એક નિર્મળ નિખાલસ અલમસ્તી સાથે પૂનમદાદાના જીવનમાં સહજ દાસત્વભાવનું નવનીત પણ તરી આવ્યું. સ્વયં સદ્‌ગુરુ, સાહેબદાદાના જ દિવ્ય સ્વરૂપ-છતાં, અન્ય સૌ સદ્‌ગુરુઓ સાથેના સંબંધમાં તો દાસભાવે વર્ત્યા; પરંતુ, પ્રત્યેક સાધુ અને હરિભક્તો સાથેના વ્યવહારમાં પણ દાસત્વભાવને આચરણમાં ઘોળ્યો ! જીવનના આઠમા દાયકાની અવસ્થામાં પણ દેહના ભાવને પછાડતાં પછાડતાં પૂનમદાદાને આપણે કારખાનાના કર્મયોગમાં પ્રવૃત્ત જોયા છે અને વળી, બ્રહ્મજ્યોતિમાં યોજિત પ્રત્યેક શ્રમયજ્ઞમાં પણ અગ્રેસર સેવામાં નિહાળ્યા છે ! જીવન એવું તો સહજ પૂનમદાદાનું કે ક્યારેક નિર્દોષ વિનોદવૃત્તિથી, તો ક્યારેક પ્રભુમસ્તીમાં ઝૂમી-નાચી પૂનમદાદા ઘણો માર્મિક અધ્યાત્મ ઉપદેશ આપતા !

પૂનમદાદાના જીવનનો આ જ સંદેશ-ઉપદેશ હતો : સરળ રહો ! સહજ જીવો ! ભગવાનધારક સાધુ સાથે જીવની પ્રીતિ બાંધી તે પ્રીતિની ગાંઠ પર ઉપાસનાની સમજણનું ટીપું મૂકી પાકી કરી દો ! પ્રભુની સંગે, પ્રભુના સંતો-ભક્તો સાથે જીવન જીવવા મળ્યું છે, તે અલભ્ય મહાભાગ્યનો મહિમા સમજી સેવામાં દેહને પરોવો ! મન પ્રભુના અને ભક્તોના ગુણમાં રાચે અને જીવન પ્રભુના કાર્યરૂપી ભક્તિમાં અલમસ્ત વિતે !

પૂનમદાદા તેઓના આ સંદેશ-જીવનઉપદેશ રૂપે તેઓ આપણી સ્મૃતિમાં ચિરંજીવ છે, અને સદાય ચિરંજીવ રહેશે ! અગિયારમી ઑક્ટોબર બે હજારને વીસ આવી, પૂનમદાદાના દેહને શ્રીહરિની ઈચ્છાનુસાર પંચભૂતમાં વિલીન કરી ગઈ; પરંતુ, એ દિવ્યાત્મા બ્રહ્મર્ષિ પૂનમદાદા સદાય આપણા જીવનપ્રેરણાસ્રોત રૂપે શાશ્વત છે, અને રહેશે !

પ્રેમલ સરળ સાધુતાના મૂર્તિરૂપ બ્રહ્મર્ષિ પૂજ્ય વ્હાલા પૂનમદાદાના દિવ્યાત્માને હૃદયભાવાંજલિ સાથે સાષ્ટાંગ દંડવત પ્રણામ ! ◆